## પરિપત્ર :

**વિષય : AISHE ટ્રેનીંગ વર્કશોપમાં ઉપસ્થિત રહેવા બાબત**

**સંદર્ભ : KCG નો તા.૦૯/૦૯/૨૦૨૫નો પત્ર KCG/AISHE/2025-26/1330**

ભકતકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી સંલગ્ન **જુનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા** જીલ્લાઓની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ ને જણાવવાનું કે **All India Survey On Higher Education (AISHE)** અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ નો સર્વે નવા ફોરમેટ સાથે શરુ થઇ ગયેલ છે. આ સર્વેમાં આપની સંસ્થા/કોલેજનો શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ નો **Data Capture Formet (DCF) AISHE** પોર્ટલ પર ઓનલાઈન ભરવાનો થાય છે જેમાં કેટલાક ફેરફારો કરવામાં આવેલ છે જે સમજવા, નોડલ ઓફિસરશ્રીઓ ની મુશ્કેલીઓ દુર કરવા અને કોલેજો/સંસ્થાઓ દ્વારા તમામ માહિતી યોગ્ય, સચોટ અને ક્ષતિરહિત ભરાય તે હેતુથી અત્રેની યુનીવર્સીટી દ્વારા એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં State Nodal Officer તેમજ તેમની ટીમ આ અંગેની સંપૂર્ણ જાણકારી આપશે તો આપશ્રીની કોલેજના AISHE નોડલ ઓફિસરને નીચે દર્શાવેલ સમય, તારીખ અને સ્થળે આ વર્કશોપમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

**વર્કશોપનું સ્થળ : ભકતકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી, ખડિયા, જુનાગઢ.**

**વર્કશોપની તારીખ : ૧૬-૦૯-૨૦૨૫ (મંગળવાર)**

**વર્કશોપનો સમય : સવારે ૧૦:૩૦ કલાકે (રજીસ્ટ્રેશન અને તાલીમ)**

**ખાસ નોંધ :**

**NAAC accreditation માટે આપના દ્વારા AISHE પોર્ટલ પર અપલોડ કરેલ DCF ની માહિતી જ માન્ય ગણાય છે જેથી કોલેજ દ્વારા DCF અપલોડ કરી દીધેલ હોય તો પણ આ વર્કશોપની અગત્યતા ધ્યાને લઇ આપની કોલેજનાં નોડલ ઓફિસરને ખાસ હાજર રહેવા જણાવવામાં આવે છે. આપ સર્વેની ભોજન વ્યવથા અત્રેથી કરવામાં આવેલ છે. આ વર્કશોપમાં હાજર રહેવા બદલ TA/DA અત્રેથી આપવામાં આવશે નહિ.**

૧૧/૯/૨૦૨૫

**યુનીવર્સીટી નોડલ ઓફિસર**

**(AISHE)**

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/AISHE/૬૨૩/૨૦૨૫
ભકતકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, યુનીવર્સીટી રોડ,
ખડિયા, જુનાગઢ.
તા.૧૧/૦૯/૨૦૨૫

પ્રતિ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી સંલગ્ન જુનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના :-

- માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-

- આઈ.ટી. સેલ (વેબ સાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે)